# ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા અંગે

**સંકલન : પ્રકાશ ન. શાહ**

**‘જાહેર જીવનના કવિ’ની કલમે...**

**સ્વાયત્તતાનું જાહેરનામું**

૨૩ જાન્યુઆરી, ૧૯૮૬

અધ્યક્ષશ્રી,
ગુજરાત સાહિત્ય અકાદેમી
ગાંધીનગર
સ્નેહી ભાઈશ્રી,

આપનો ૩-૧-૧૯૮૬નો પત્ર મળ્યો છે. સારસ્વત-સન્માનના વાર્ષિક ઉપક્રમમાં મને પસંદ કરવા માટે ગુજરાત સાહિત્ય અકાદેમીના સૌ સભ્યોનો હૃદયથી આભારી છું.

સન્માન સ્વીકારવા અંગે તકલીફ છે.

આ અગાઉ પ્રસંગોપાત્ત મારે અકાદેમીને લખવાનું થયું છે અને એની એક જાહેર સભામાં વીગતે રજૂઆત કરવાની પણ તક મેં લીધી છે કે ગુજરાત સાહિત્ય અકાદેમીએ સરકારી ખાતાના ભાગ જેવી ન રહેતાં ત્વરાપૂર્વક પ્રજાકીય સંસ્થા બનવું જોઈએ. શિક્ષણ-સચિવને કે સરકારી માહિતીનિયામકને અકાદેમીના પ્રમુખ તરીકે બેસાડનાર ગુજરાત સરકારને એ ખબર હશે કે દિલ્હીમાં ૧૯૫૪થી શ્રી જવાહરલાલ નેહરુ, ડૉ. રાધાકૃષ્ણન્ આદિએ એક બિલકુલ સ્વાયત્ત સ્વરૂપની, નિયમોને અધીન પસંદ કરાયેલા પ્રતિનિધિઓની બનેલી, ચૂંટાયેલા પ્રમુખ-ઉપપ્રમુખ ધરાવતી ભારતની કેન્દ્રીય સાહિત્ય અકાદેમીનું સંવર્ધન કરેલું છે.

રાષ્ટ્રીય સાહિત્ય અકાદેમીના આરંભથી માંડીને અઢાર વરસ સુધી સભ્ય તરીકે અને હમણાં થોડાં વરસ ઉપર પાંચ વરસ સુધી એના ચૂંટાયેલા પ્રમુખ તરીકે સેવા આપનાર મારા જેવા સાહિત્યકાર માટે સરકારે નીમેલા સભ્યો અને હોદ્દેદારોવાળી ગુજરાત સાહિત્ય અકાદેમી જેવી બિનલોકશાહી સંસ્થા દ્વારા થતું સન્માન પ્રજાકીય સ્વરૂપનું રહેતું ન હોઈ તેનો સ્વીકાર કરવાનું શક્ય નથી, જે માટે દિલગીર છું.

આશા રાખું છું કે ગુજરાત સાહિત્ય અકાદેમી રાષ્ટ્રીય સાહિત્ય અકાદેમીના જેવાં ધોરણે ત્વરાથી પુનર્ગઠિત થશે અને અકાદેમી, યુનિવર્સિટી જેવી દેશની સંસ્કાર-સંસ્થાઓની લોકશાહી પરંપરાઓ ઉપર ઉત્તરોત્તર કેટલાક સમયથી થઈ રહેલા રાજકીય આક્રમણનો સવેળા અંત આવશે.

આપનો
**ઉમાશંકર જોશી**

## સ્મરણ દર્શકનું

શ્રી તંત્રી, 'પરબ'

પાલનપુર સંમેલનમાં આપણે સ્વાયત્તતાનો સાદ બુલંદ કર્યો તે સાથે જાગેલાં કેટલાંક સ્મરણો પૈકીનું એક સ્વાયત્ત સાહિત્ય અકાદમીના નિર્માણમાં પોતે અગ્રનિમિત્ત બન્યા એથી દર્શકે એક ઉદાત્ત સ્તરે અનુભવેલી કૃતકૃત્યતાના ચિત્રનું છે. બૉસ્ટનસ્થિત કૃષ્ણાદિત્ય સાથેની વાતચીતમાં સરસ ઝિલાયેલું એ અહીં 'નિરીક્ષક' (૧ સપ્ટેમ્બર, ૨૦૧૫)માં ઉતારું છું :

દર્શકે ગુજરાત સાહિત્ય અકાદમીનું અધ્યક્ષપદ સંભાળ્યું એના પછીના વર્ષની વાત છે.

### ૨૯ ઑગસ્ટ : દર્શક સંવત્સરી / કૃષ્ણાદિત્ય

'દર્શકે ગુજરાત સાહિત્ય અકાદમીનું અધ્યક્ષપદ સંભાળ્યું એના પછીના વર્ષની વાત છે. ત્રણેક દાયકાના વ્યાપ ઉપર પથરાયેલાં દર્શક સાથેનાં સ્મરણોમાં આ પ્રસંગ જાણે હજુ ગઈ કાલે જ બન્યો હોય એમ જુદો તરી આવે છે.

'સવારનાં ચાપાણી પતાવી અમે નિરાંતે બેઠા હતા. બીજો કાર્યક્રમ છેક સાંજે હતો. સામાજિક, શૈક્ષણિક, ઐતિહાસિક એમ ઘણાંબધાં ક્ષેત્રોની વાતોના દોર ગૂંથાતા જતા હતા અને વાતચીતનું પોત ઘટ્ટ થતું જતું હતું. ત્યાં અચાનક દર્શક તરફથી વાતમાં થોડીક ક્ષણોનો વિરામ આવ્યો અને એમણે વાતનો એક નવો જ દોર શરૂ કર્યો.

'એમણે કહ્યું કે ગયા વરસ દરમિયાન મારે હાથે એક મોટું કામ સિદ્ધ થયું છે અને એ કામ હતું ગુજરાત સાહિત્ય અકાદમીનું બંધારણ ઘડવાનું. એમણે ફોડ પાડીને સમજાવ્યું કે આ કામ પોતે મોટું એટલા માટે માને છે કે બંધારણ ઘડવામાં ખાસ કાળજી લેવામાં આવી છે. આજ પછી શાસક કોઈ પણ આવે અને શાસનતંત્ર કોઈ પણ પ્રકારનું આવે તોપણ બંધારણમાં એટલી ચોકસાઈપૂર્વકની ગોઠવણી છે, જેને અનુસરતાં ભવિષ્યમાં કોઈ પણ સરકાર અકાદમીની સ્વાયત્તતા ઉપર પોતાનો પંજો પાડી શકશે નહીં. એમણે કહ્યું કે પોતે પોતાના આ કાર્યથી ખૂબ સંતોષ અનુભવે છે. વધુમાં, ગુજરાત સાહિત્ય અકાદમીનું આ બંધારણ દેશની અન્ય ભાષાઓના પ્રદેશોને પણ દાખલો પૂરો પાડી શકશે અને ગુજરાતમાં સાહિત્યેતર સંસ્થાઓ સાથે શાસનતંત્રના સંબંધો માટે એક નૈતિક ભૂમિકા બાંધી આપી શકશે.

'એમનું આ કથન પૂરું કરવામાં એમણે સમય ઝાઝો લીધો નહોતો. પરંતુ એમની દૃષ્ટિએ આ કાર્ય અત્યંત મહત્ત્વનું હતું, તેવી દૃઢ છાપ મારા મન ઉપર પડી હતી. તેનાં કારણોમાં તત્કાલીન મારા ધ્યાન ઉપર જે મુદ્દા આવેલા, અને મને આજેય જે સ્પષ્ટ રીતે યાદ છે, તે આ પ્રમાણે છે.

'દર્શક સાથે શૈક્ષણિક ક્ષેત્રમાં એમના હાથે હાંસલ થયેલી સિદ્ધિઓ વિશે તથા એમની સાહિત્યકૃતિઓ વિશે એમના વિચારો સાંભળવાના અને એના અનુસંધાનમાં

એમની સાથે ચર્ચા કરવાના સંજોગો મને મળ્યા છે. ગાંધીચીંધ્યા માર્ગે સ્વાતંત્ર્યસંગ્રામ વિશેનાં એમનાં સ્મરણોનું અનુશીલન કરવાની તક મળી છે. આવા અન્ય કોઈ પ્રસંગે ન જોયો હોય એવો આત્મસંતોષનો અને આત્મગૌરવનો ભાવ એમના મુખ ઉપર આ પ્રસંગે મેં જોયો હતો, એમની વાણીમાં મેં સાંભળ્યો હતો. આ કારણને લીધે મારી યાદમાં આ પ્રસંગે હજુય તાજો છે. મેં ત્યારે વિચાર કર્યો હતો કે સ્વાતંત્ર્યની લડત વિશે, સાહિત્યના સર્જન વિશે, શિક્ષણના પ્રણેતા તરીકે 'પોતે જાતે' કશુંક હાંસલ કર્યાનો દાવો કરતા મેં જેમને કદી સાંભળ્યા નથી, તેમણે સામે ચાલીને અકાદમીના બંધારણના ઘડતરમાં પોતાના પ્રદાન વિશે આટલા આત્મગૌરવપૂર્વક કેમ વાત કરી હશે ! આ વાતચીત થઈ તે સમયે મારી સૂઝસમજ મુજબ મને જે ઉત્તર સાંપડ્યો હતો, અને જે ઉત્તર આજેય મને ખરો લાગે છે, આ મુજબ છે. ગુજરાત સાહિત્ય અકાદમીનું બંધારણ ઘડવામાં મનુભાઈ પંચોળી 'દર્શક' નામની વ્યક્તિએ સ્વાતંત્ર્યસૈનિક યુવાન મનુભાઈ, શિક્ષણવિદ્ મનુભાઈ પંચોળી અને સાહિત્યસર્જક દર્શક, એ સૌના જીવનઅનુભવની સમૃદ્ધિનો, જીવંત અનુભવની સામગ્રીનો, વિનિયોગ કર્યો હતો. અર્થાત્ એક જાગરૂક નાગરિકની મનસા વાચા કર્મણા થકી મેળવેલી સમ્યક્જ્ઞાનની એક ઉપલબ્ધિ એટલે એ સંવિધાનનું ઘડતર, એવી છાપ મારા માનસપટ પર છે.

'એક સાહિત્યસંસ્થાની સ્વાયત્તતાનું રક્ષણ કરતું બંધારણ ઘડવાનું યશપ્રદ કાર્ય દર્શક તથા અન્ય વિધાયકોએ કર્યું હતું. પરંતુ કોઈ પણ બંધારણની રક્ષાનું ઉત્તરદાયિત્વ હંમેશાં અનુજોને માથે હોય છે.'

બૉસ્ટન

અહીં ઉતારો સંકેલું છું ત્યારે કોઈ એક સૂચિતીવ્ર સ્મરણે શૂળ પેઠે સારતું કે મીઠી વલૂર પેઠે વળગતું અનુભવાતું હોય તો તે આ છે : 'પરંતુ કોઈ પણ બંધારણની રક્ષાનું ઉત્તરદાયિત્વ હંમેશ અનુજોને માથે હોય છે.' અને એ સ્તો અહીં ને અબઘડી એક પાયાના સવાલ તરીકે સામે આવે છે, અનુજને નાતે મારા તમારા વજૂદની સાહેદીનો.

જાન્યુ. ૨૩, ૨૦૨૦ **પ્રકાશ ન. શાહ**

## સ્વાયત્તતા વિશે ભગતસાહેબ

''જ્યારે ગુજરાત સાહિત્ય અકાદમીનો આ સન્માન અર્પણ કરવાના એમના નિર્ણય અંગેનો પત્ર મળ્યો ત્યારે અન્ય સંદર્ભમાં આ સન્માનનો સ્વીકાર કરવો જોઈએ ? એવો પ્રશ્ન થયો હતો. સૌ સાચા લોકશાહી સમાજમાં હોય છે તેમ સાહિત્ય અકાદમી જેવી સંસ્થા રાજ્યના માહિતીખાતાનો એક વિભાગ હોય એવી પરાધીન નહિ પણ સ્વાધીન, સ્વાયત્ત હોવી જોઈએ એવો આ અકાદમીના આરંભથી જ આ બોલનારનો આગ્રહ હતો. અકાદમીના સભ્યો એનાથી અજાણ નહિ હોય એથી પૂર્વોક્ત પત્રમાં આ અકાદમી હવે સ્વાયત્ત છે એવો અંગુલિનિર્દેશ કરવામાં આવ્યો હતો. એમાં પ્રમુખશ્રીએ લખ્યું હતું, 'ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાત સાહિત્ય અકાદમી સ્વાયત્ત થયા પછી આ પહેલું સન્માન છે તે તમે સ્વીકારશો એવી અંગત વિનંતી.' એટલે સંપૂર્ણ વિગતો માટે

અકાદમીનું બંધારણ વાંચ્યું અને અકાદમીની સ્વાયત્તતાની પ્રતીતિ થયા પછી આ સન્માનનો સ્વીકાર કરવો જોઈએ એવો નિર્ણય કર્યો. અને અકાદમીને સ્વીકારપત્રમાં જાણે કે વાક્યોની નીચે લાલ લીટી સાથે લખ્યું, 'ગુજરાત સાહિત્ય અકાદમી જેવી એક સ્વાયત્ત સંસ્થાએ આ નિર્ણય કર્યો છે એનો કૃતજ્ઞતાપૂર્વક સ્વીકાર કરું છું. આ સંસ્થાના પ્રમુખ – ગુજરાતના એક મોટા ગજાના સર્જક-ને વરદ્ હસ્તે આ સન્માન અર્પણ થશે એનું નમ્રતાપૂર્વક ગૌરવ કરું છું. ગુજરાત સાહિત્ય અકાદમીની સ્વાયત્તતા સધ્ધર થાય અને એના સદ્વિચાર અને આચાર દ્વારા ગુજરાતની સાહિત્ય પ્રત્યેની સંવેદના સમૃદ્ધ થાય અને અંતે આ સન્માન સાર્થક થાય એવી આ સ્વીકારની ક્ષણે હૃદયપૂર્વક પ્રાર્થના કરું છું.' આજે અહીં સ્વીકારની આ ઔપચારિક વિધિની ક્ષણે એ પ્રાર્થનાનું પુનરુચ્ચારણ કરું છું.''

(ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે સન્માન પ્રસંગે નિરંજન ભગતે આપેલ વક્તવ્યમાંથી. ૨૫ માર્ચ ૧૯૯૪)

❑